ગુજરાત સમાચાર તા. ૨૧-૯-'૧૮

# જૈનોમાં દીક્ષા લેનારાઓમાં પુરુષોની તુલનામાં મહિલાઓની સંખ્યા વધુ

મુંબઈ, તા. ૨૦

વધતી જતી સંખ્યામાં જૈનો ભૌતિક જીવનનો ત્યાગ કરીને દીક્ષા લે છે. ભારતમાં દર વર્ષે જૈન કોમની લગભગ બે હજાર વ્યક્તિઓ દીક્ષા ગ્રહણ કરે છે. ૧૯૮૯માં ૯,૪૨૯ જૈન સાધુઓ હતા અને તે પછીના દાયકામાં આ સંખ્યામાં માત્ર ૮૩૯નો વધારો થયો હતો. આજે, મલાડના વેપારી અને ગયા સપ્તાહે દીક્ષા લેનારા ૯૮ વર્ષી રસિકભાઈ બાબરિયા જેવા મુમુક્ષોએ સાધુઓની સંખ્યાને ૧૪ હજાર પહોંચાડી છે. દર વર્ષે લગભગ ૧,૨૦૦ સાધુ કાળધર્મ પામે છે તે છતાં સાધુઓની સંખ્યા આટલી છે.

## આંકડા દર્શાવે છે કે સામૂહિક દીક્ષાનું વધતું પ્રમાણ જ્યારે બાળદીક્ષાનું ઘટેલું પ્રમાણ

આટલી જ નોંધપાત્ર બાબત એ છે કે પુરુષોની સંખ્યા કરતાં ત્રણ ગણી વધુ સંખ્યામાંની મહિલાઓ દીક્ષા લે છે. હાલમાં દેરાસરો અને ઉપાશ્રયો (અપાસરા)માં રહેતા ૧૩,૯૪૭ જૈન સાધુઓમાં ૧૦,૬૫૪ સાધ્વીઓ છે. અપાસરામાં વીજળી અને સૂવા માટે ગાદલાં જેવી અત્યંત પાયાની સુવિધા ઉપલબ્ધ હોતી નથી. મોબાઈલ ફોન બંધ કર્યા વગર શ્રદ્ધાળુઓ અપાસરામાં પ્રવેશી શકતા નથી. સેલ સંચાલિત ઘડિયાળ પણ તેઓ અંદર લઈ જઈ શકતા નથી.

પરંતુ દીક્ષા માર્ગે જવાનો નિશ્ચય કરનારાઓને આવા આકરા નિયમો બાધારૂપ લાગતા નથી. ગુજરાતના ડભોઈમાં વિદ્યાર્થીઓને તેમની મહત્વાકાંક્ષા વિશે લખવાનું જણાવાયું ત્યારે એક આઠ વર્ષના બાળકે લખ્યું હતું કે તેને જૈન સાધુ બનવું છે. આ ગામમાં ૩૦૦ જૈન પરિવાર છે. અને ત્યાંના ૧૪૦ જણાએ દીક્ષા લીધી હતી.

આંકડા એ પણ દર્શાવે છે કે જૂથ દીક્ષાનું પ્રમાણ વધતું જાય છે. ૨૦૦૯માં મધ્ય પ્રદેશના કુંદલપુરમાં ૫૮ જણાના સમૂહે વિજય સાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં દીક્ષા લીધી હતી. લગભગ આઠ વર્ષ અગાઉ, પાલીતાણામાં ગુણરત્ન સૂરીજી મહારાજસાહેબની નિશ્રામાં ૩ ' જણાએ દીક્ષા સ્વીકારી હતી.

બીજી તરફ, બાળદીક્ષાના પ્રમાણમાં ધરખમ ઘટાડો થયો છે. ગુણસુંદર વિજયજી મહારાજ સાહેબે જણાવ્યું હતું કે દીક્ષા લેનારા નાના છોકરા અને છોકરીઓમાં સંખ્યા ઘટતી જાય છે. દીક્ષા લેનારાઓએ સૌથી વધુ ૧૮થી ૨૦ વર્ષની વ્યક્તિઓ હોય છે તે પછીના ક્રમે ત્રીસીની વયની વ્યક્તિઓ હોય છે.